# નવસારી કૃષિ યુનિવર્સિટી
## નવસારી

**સમય મર્યાદા** **-: પરીપત્ર:-** **ઘણુંજ અગત્યનું**

વિષય:- નવસારી કૃષિ યુનિવર્સિટીના મુખ્ય કેન્દ્ર અને તમામ પેટા કેન્દ્ર ઉપર સોલાર રૂફ ટોપ સીસ્ટમ બેસાડવાની યોજના હેઠળ જરૂરી માહિતી અને સહમતી આપવા બાબત.

આથી અત્રેની યુનિવર્સિટીની તમામ યુનીટ તેમજ સબ યુનીટની કચેરીના વડાઓને જણાવવાનું કે ગુજરાત સરકાર હસ્તકની, ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી દ્વારા **Madhav Infra Projects Limited, Madhav House, Plot No.4, Near Panchratna Building, Subhanpura Vadodara.** ને નવસારી કૃષિ યુનિવર્સિટીના મુખ્ય કેન્દ્ર અને તમામ પેટા કેન્દ્રમાં આવેલ યુનિવર્સિટીના મકાનો ઉપર સોલાર પાવર પોલીસી – ૨૦૧૫ હેઠળ સોલાર રૂફ ટોપ સીસ્ટમ બેસાડવાની જવાબદારી/કામગીરી તેમની કચેરીના પત્ર નં. જેડા/સોલાર-પીવી/૨૦૧૭-૧૮/૧૦૯૧૪/તા.૨૧-૬-૨૦૧૭ થી સોંપવામાં આવેલ છે. આ અન્વયે અત્રેની યુનિવર્સિટીના મુખ્ય કેન્દ્ર અને તમામ પેટા કેન્દ્રના યુનીટ /સબ યુનીટના વડાઓને તેમના હસ્તકના તમામ બિલ્ડીંગના લાઇટ બીલની નકલ, અને આ મકાનોના રૂફ ટોપનો સર્વે કરવાની મંજૂરી આપવાની રહેશે તેમજ આ યોજના મુજબ નીચે મુજબની જાણકારી/કાર્યવાહી કરવાની રહેશે.

૧. આ તમામ કામગીરીનો ખર્ચ GEDA દ્વારા કરવામાં આવશે. યુનિવર્સિટીએ કોઈપણ ખર્ચ કરવામાં આવતો નથી.

૨. જે કચેરીના રૂફ ઉપર સોલર રૂફ ટોપ સીસ્ટમ નાંખવાનો છે તે કચેરીના વડાએ આ સાથે સામેલ પત્રક મુજબ GEDA ના નિયત નમૂના મુજબની બાંહેધરી GEDA ને જરૂરી સહી સીક્કા કરી આપવાની રહેશે. જેની એક નકલ કાર્યપાલક ઇજનેર ની કચેરીને જાણ માટે આપવાની રહેશે.

3. ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા નાખવામાં આવેલ આ સીસ્ટમના મોનીટરીંગ થઈ શકે તે માટે જે તે કચેરીમાં ઇન્ટરનેટની સુવિધા આપવાની રહેશે.

૪. આ સોલર રૂફ ટોપ બાબતે Madhav Infra Projects Limited, Vadodara દ્વારા જે તે સ્થળ ઉપર ટ્રેનીંગ આપવામાં આવશે જે જેતે કચેરીના નિયુક્ત કરેલા કર્મચારીએ લેવાની રહેશે.

૫. સર્વે કચેરીઓએ તેમના લાઇટ બીલની નકલ શ્રી માધવ ઇન્ફ્રા પ્રોજેકટ લિમિટેડ, વડોદરાના અધિકૃત ઈમેઈલ <u>info@misolar.in</u> અને તેની નકલ અત્રે <u>eenaunavsari@gmail.com</u> ઉપર સત્વરે મોકલી આપવા. આ બાબતને ટોચ અગ્રિમતા આપવા વિનંતી. આ બાબતે શ્રી માધવ ઇન્ફ્રા પ્રોજેકટ લિમિટેડ, વડોદરાના અધિકૃત શ્રી. કિર્તિભાઈ શાહ , મો.નં. ૯૩૭૭૭૮૦૯૯૯ ને સાથ સહકાર આપવા વિનંતી.

આ બાબતે જેડા દ્વારા દરેક સરકારી બિલ્ડીંગના વડાને સોલર રૂફ ટોપના એગ્રીમેન્ટ બાબતે પત્ર નં. જેડા/સોલાર-રૂફટોપ/૨૦૧૬-૧૭/૧૧૪૯૧/તા. ૦૪-૨-૨૦૧૭ થી જરૂરી કાર્યવાહી કરવા વિનંતી કરેલ પત્ર સર્વની જાણ માટે સામેલ છે તો તમામ યુનીટ તેમજ સબ યુનીટની કચેરીના વડાઓએ ઘટતી કાર્યવાહી સમય મર્યાદામાં(દિન-૧ માં) હાથ ધરવા વિનંતી છે.

પ્રસ્તુત આદેશ કરાવવા માટે માન. કુલપતિશ્રીએ તા.૨૮-૬-૨૦૧૭ ની નોધ ઉપર મંજૂરી ને ધ્યાનમાં લઈ યુનિવર્સિટીના હીતમાં કરવામાં આવે છે.

જા.નં/ન.કૃ.યુ/કા.ઇ/ઈલે/૪૮૬૨/૧૭.

તારીખ :- ૨૮ -૦૬-૨૦૧૭

કાર્યપાલક ઇજનેર
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

GEDA
ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી
GUJARAT ENERGY DEVELOPMENT AGENCY
A Government of Gujarat Organisation

જેડા/સોલર રૂફટોપ/૨૦૧૬-૧૭/ 11591 | તા.૦૪/૦૨/૨૦૧૭

પ્રતિ,

અધિકારી શ્રી,

જેડા કચેરી ના સોલર રૂફટોપ પ્રોગ્રામ હેઠળ બધાજ સરકારી બિલ્ડીંગ અંગે

વિષયઃ "Installation & Net metering inter connection Agreement" કરવા બાબત.

શ્રીમાન,

સવિનય સહ જણાવવાનું કે, આ સાથે મેસર્સ. માધવ ઇન્ફ્રા પ્રોજેક્ટ્સ.લી.-વડોદરા ને વર્ષ ૨૦૧૬-૧૭ માં આપવામાં આવેલ બાહેંધરી અને વિનંતી ના આધારે અત્રેથી આપની કચેરીએ ગ્રીડ કનેક્ટેડ સોલર રૂફટોપ સિસ્ટમ્સ બેસાડવામાં વર્ક ઑર્ડર આપવામાં આવેલ /અધિકૃત કરવામાં છે. સદર સિસ્ટમ્સ જે તે વીજ કંપની ના કાર્ય વિસ્તારમાં આવતી હોઇ, તેજ વીજ કંપની સાથે નિયત કરેલ નમુના મુજબ Installation & Net metering inter connection Agreement કરવાનો થાય છે. વધુમાં જણાવવાનું કે સોલર રૂફટોપ સિસ્ટમ્સ બેસાડવાની કામગીરી પૂર્ણ થતા, સિસ્ટમ્સ ઇન્સ્ટોલેશન પ્રમાણપત્ર ઉત્પાદક ને આપવાનું રહેશે, ત્યારબાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

આથી આ સિસ્ટમ્સ ઇન્સ્ટોલેશન દરમ્યાન સપ્લાયર તરફથી રજુ કરેલ Installation & Net metering inter connection Agreement તૈયાર કરી, કરાર કરવા આપની કચેરી તથા વીજ કંપની વચ્ચે થશે. વધુમાં ઉપરોક્ત એગ્રીમેન્ટ નકલ Net metering inter connection Agreement ની પ્રક્રિયા પૂર્ણ થતા, એક નકલ આપના સંદર્ભ અર્થે આપની કચેરીને મોકલવામાં આવશે.

જેથી આ સાથે પત્ર અને "Installation & Net metering inter connection Agreement" લાવનાર ઉત્પાદકના પ્રતિનિધિને જરૂરી પૂર્તતા ( વડાની દરેક પાન પર સહી અને સિક્કા, ઓળખ પત્ર તથા પાસપોર્ટ સાઇઝ ફોટો) કરી, આપવા વિનંતી કરવામાં આવે છે. આપના સહકાર સહ આભાર.

આપનો વિશ્વાસુ

(આર.વી.આર્યા)
સીનિ. પ્રોજેક્ટ એક્ઝીક્યુટીવ(પ્રભારી)

સદર પત્ર ઉર્જા ની દરખાસ્ત ... પુરાવાત કરીને અને જેડા ની માંગણી મુજબ ની કાર્યવાહી કરવા સર્વે પુનીટ – ... ના ધ્યાને જાણ અર્થે
Agreed
[illegible signatures]

B-3 for NM 4/2016

ચોથો માળ, બ્લોક નં. ૧૧ અને ૧૨ ઉદ્યોગભવન
સેક્ટર-૧૧, ગાંધીનગર - ૩૮૨ ૦૧૭.
4th Floor, Block No. 11-12, Udhyogbhavan,
Sector-11, Gandhinagar-382017. India.

Ph. : 079-232 57251-53
Fax : +91 79 232-47097, 57255
e-mail : director@geda.org.in
www.geda.gujarat.gov.in

બાંહેધરી/ સહમતી પત્ર

આથી ગુજરાત સરકારશ્રીની સંસ્થા ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી, ગાંધીનગર અંતર્ગત સોલર રૂફટોપ સિસ્ટમ્સ અત્રેની કચેરી તરફથી બેસાડવામાં આવશે અને સદર સિસ્ટમ્સ થકી જે પાવર (ઇલેક્ટ્રિસિટી) ઉત્પન્ન થશે તેનો ઉપયોગ પોતાની કચેરીમાં જ કરવામાં આવશે તે અંગેની અત્રેથી બાહેંધરી આપવામાં આવે છે. આ ઉપરાંત પ્રોજેક્ટના હેતુ અનુસાર જરૂરી નીચે મુજબ ની સહમતી આપવા માં આવે છે.

૧. સોલર સિસ્ટમ્સ ની ક્ષમતા અનુસાર, ૧ કિવોટ દીઠ ૧૫૦ ચો.ફૂટ છાયા-રહિત ખૂલ્લી જગ્યા કચેરીની અગાશી ઉપર ઉપલબ્ધ કરાવવામાં આવશે.

૨. અગાશી ઉપર બેસાડેલ સોલર રૂફ ટોપ સિસ્ટમ્સની જરૂરિયાત મુજબ પખવાડિક / માસિક પાણીથી સાફ સફાઈ કરાવવામાં આવશે.

૩. સોલર રૂફટોપ સિસ્ટમ્સ કે તેનો કોઈ ભાગ ચોરી થાય નહીં, તેની જાળવણી કરવામાં આવશે.

૪. સરકાર શ્રી/ સરકારશ્રીના અધિકૃત અધિકારીને કામ અર્થે આવવા/ જવાની મંજૂરી આપવામાં આવશે.

૫. ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી (જેડા),ગાધીનગરની કચેરી ની પૂર્વ મંજૂરી સિવાય સિસ્ટમ્સમાં ફેરફાર કરવા માં આવશે નહીં.

૬. ઉત્પાદક તરફથી મેન્ટેનન્સ ૫ વર્ષ સુધી હોવાથી અત્રેની કચેરી (લાભાર્થી) તરફથી પ્રતિ ત્રિમાસિક અહેવાલ જરૂરી સૂચન સાથે પ્રમાણિત કરી આપવામાં આવશે.

૭. ઉત્પાદકને અત્રેની કચેરી તરફથી સોલર રૂફટોપ સિસ્ટમ્સ ઇન્ટોલેશન અને કમિશનીંગ, પ્રમાણપત્ર આપવામાં આવશે.

૮ સદર પ્રોજેક્ટની મૂલ્યાંકન (Monitoring) જેડા કચેરી તરફથી કરવાનું હોવાથી ઇન્વર્ટરની નજીક ઇન્ટરનેટની સુવિધા અને કનેક્શન પોઇંટ અત્રેની કચેરી તરફથી કરી આપવામાં આવશે.

ઉપર દર્શાવવામાં આવેલ બાહેંધરી/ સહમતી પત્ર નો ચૂસ્ત પણે અમલ કરાવવામાં આવશે, જેની ખાતરી આપવામાં આવે છે.

કચેરી ના વડાનું નામ તથા સહી

અને સિક્કો

(કચેરી ના પ્રથમ વર્ગ કે તેથી ઉપર ની કક્ષાના વડા ના નામ તથા સહી-સિકા સાથેનો)

તારીખ:

સ્થળ:

ઉપરોક્ત બાંહેધરી ... આપવા ભલામણ છે
[signature] ૨૪/૬/૧૭

GEDA ને મંજૂર
[signature] ૨૪/૬/૧૭